પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૫૫ | ૮ માર્ચ, ૨૦૨૧, સોમવાર; મહા વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આઈપીએલ-૨૦૨૧નો કાર્યક્રમ જાહેર



## અમદાવાદના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ફાઇનલ ૯ એપ્રિલથી શરૂ : પ્રથમ મેચ ૯ એપ્રિલે મુંબઇ-બેંગ્લોર વચ્ચે રમાશે અમદાવાદમાં મહત્વની મેચો રમાવાની છે

નવીદિલ્હી, તા. ૭

આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલે રવિવારે આ વર્ષે રમાનારી લીગનું આખું શિડ્યુલ જાહેર કરી દીધું છે. આ વખતે ટુર્નામેન્ટ ભારતમાં જ રમાવાની છે. લગભગ ૨ વર્ષ પછી ભારત આઈપીએલ આવી રહી છે. આ વખતે અમદાવાદ, બેંગ્લુરુ, ચેન્નાઈ, દિલ્હી, મુંબઈ અને કોલકાતામાં આ ટુર્નામેન્ટની મેચોનું આયોજન કરવાનું છે.

સીઝનની પહેલી મેચ ૯ એપ્રિલ ૨૦૨૧થી ચેન્નાઈમાં શરુ થશે. અહીં મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર બેંગ્લોર વચ્ચે મેચ યોજાશે. દુનિયાના સૌથી મોટા

● અનુસંધાન પાના ૭ પર

# દીદીએ બંગાળ સાથે વિશ્વાસઘાત કર્યો છે: મોદી

## વડાપ્રધાને કોલકાત્તામાં બ્રિગેડ મેદાનમાં જંગી ચૂંટણીસભા સંબોધી : ૨૫ વર્ષ બાદ દેશ જ્યારે આઝાદીના ૧૦૦ વર્ષ ઉજવશે તો બંગાળ ફરીથી સમગ્ર દેશને આગળ લઈ જનારું બંગાળ બની જશે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

કોલકાતા, તા. ૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બંગાળના પ્રવાસે છે. ચૂંટણીની તારીખો જાહેર થયા બાદ પહેલીવાર પીએમ મોદી બંગાળમાં રેલી કરી. કોલકાતાના બ્રિગેડ મેદાનમાં આ રેલી યોજાઈ હતી. પીએમ મોદીના ભાષણ પહેલા જ મિથુન ચક્રવર્તી ભાજપમાં સામેલ થયા અને તેમણે પાર્ટીનો ઝંડો પણ લહેરાવ્યો. પીએમ મોદીએ ભારતમાતા કી જયના નારા સાથે પોતાના સંબોધનની શરૂઆત કરી.

પીએમ મોદીએ કહ્યું કે આજકાલ અમારા વિરોધીઓ કહે છે કે હું મિત્રો માટે કામ કરું છું. આપણે બધા જાણીએ છીએ કે બાળપણમાં આપણે જ્યાં મોટા થયા, બાળપણમાં જ્યાં ખેલ્યા, જેમની સાથે અભ્યાસ કર્યો, તેઓ





આપણા જીવનભરના પાક્કા મિત્રો હોય છે. હું પણ ગરીબીમાં ઉછર્યો, આથી તેમનું દુખદર્દ શું છે, પછી ભલે તેઓ હિન્દુસ્તાનના કોઈ પણ ખૂણે કેમ ન હોય, કારણ કે તેઓ અમારા મિત્ર છે, હું તેમને સારી પેઠે અનુભવી શકુ છું. આથી હું મિત્રો માટે કામ કરું છું અને મિત્રો માટે જ કામ કરતો રહીશ.

પીએમ મોદીએ કહ્યું કે બંગાળના ચાવાળા, અહીંના ચાના બગીચામાં કામ કરનારા ભાઈ બહેન મારા ખાસ મિત્રો છે. મારા આવા કામોથી તેમની પણ અનેક પરેશાનીઓ ઓછી થઈ રહી છે. અમારી સરકારના પ્રયત્નોથી મારા આ ચાવાળા મિત્રોને સોશિયલ કનેક્ટિવિટી સ્કિમ્સનો પણ લાભ મળવો નક્કી થયું છે. કોરોનાએ સમગ્ર દુનિયામાં બધાને પરેશાન કર્યા પરંતુ મારા આ ગરીબ મિત્રો જ હતા જે ખુબ પરેશાન થયા. જ્યારે કોરોના આવ્યો તો મે મારા દરેક મિત્રને મફતમાં રાશન આપ્યું. મફતમાં ગેસ સિલિન્ડર આપ્યું અને કરોડો રૂપિયા બેંક ખાતામાં જમા કરાવ્યા. દુનિયામાં કોરોના રસી કેટલી મોંઘી છે. પરંતુ મે મારા મિત્રો માટે સરકારી હોસ્પિટલમાં મફતમાં રસી લગાવવાની વ્યવસ્થા કરી છે. મારા તમે બધા મિત્રો જણાવો, કે દોસ્તી ચાલશે કે ટોળાબાજી?

રેલીની શરૂઆતમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે રાજનીતિક જીવનમાં મને સેંકડો રેલીઓ સંબોધિત કરવાનું સૌભાગ્ય મળ્યું છે પરંતુ આટલા લાંબા કાર્યકાળમાં આટલા વિશાળ

● અનુસંધાન પાના ૭ પર



મહિલા દિન આવ્યો એટલે આપણને ફરી મહિલાઓ, તેમનું સન્માન, તેમણે મેળવેલી સિધ્ધિઓ યાદ આવવા માંડી... મહિલા દિનની ઉજવણીમાં પાછા ન પડી જવાય તે માટે સંસ્થાઓ વચ્ચે તો જાણે હોડ જામી છે. દરરોજ નીતનવા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. મહિલા દિનની ઉજવણીમાં ભાગ લઈ આપણે વળી ગૌરવ અનુભવીએ છીએ. મહિલાઓને સન્માન આપવું જોઈએ, તેમનો ફાળો અનન્ય છે તેવી સુફિયાણી વાતો કરતા આપણને સૌને વર્ષના સામાન્ય દિવસોમાં મહિલાઓ કેમ યાદ આવતી નતી. મલ્ટી ટાસ્કર મહિલાઓ પરિવાર તો સંભાળે જ છે સાથે સાથે પરિવારને મદદરૂપ થવા નાની મોટી આર્થિક પ્રવૃત્તિઓ પણ કરે છે. આપણી આસપાસ નજર કરીશું તો ધમધખતા તાપમાં કાળી મજુરી કરતી, શાક-બકાલુ વેચતી, કટલરી વેચતી, ફેરી કરતી અનેક મહિલાઓ જોવા મળી જાય છે. આ સામાન્ય મહિલાઓને વુમન્સ-ડે અને તેના સેલીબ્રેશન સાથે કંઈ લેવા દેવા નથી. જીવન જીવવા માટે કરવો પડતો સંઘર્ષ જ જાણે તેમનો કોઠે પડી ગયો હોય તેમ કોઈ ફરિયાદ વિના તેઓ અવિરત કામ કરતી જોવા મળી જાય છે. તેમના હોઠે કદાચ આ જ પંકિત રમતી હશે.... જીના ઈસીકા નામ હે....

## મિથુન ચક્રવર્તી ભાજપમાં જોડાયા

નવી દિલ્હી, તા. ૭

બંગાળના રાજકારણમાં આજનો દિવસ ખુબ મહત્વનો છે. અભિનેતા મિથુન ચક્રવર્તી ભાજપમાં જોડાઈ ગયા. મિથુન ચક્રવર્તીએ ભાજપમાં સામેલ થતાની સાથે જ પાર્ટીનો ઝંડો પણ લહેરાવ્યો. થોડીવારમાં કોલકાતાના બ્રિગેડ પરેડ મેદાનમાં પીએમ મોદી મેગા રેલીને સંબોધન કરશે. ભાજપમાં સામેલ થયા બાદ કોલકાતાના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડથી મિથુન ચક્રવર્તીએ કહ્યું કે જે તમારો હક છીનવશે તેમના વિરુદ્ધ ઊભા થઈ જઈશું. આજનો દિવસ મારા માટે સપના જેવો છે. આટલા મોટા નેતાઓ સાથે મંચ શેર કરીશ. આવું મે ક્યારેય વિચાર્યું નહતું.

મિથુને કહ્યું કે બંગાળમાં રહેતા દરેક બંગાળી છે. અમે ગરીબો માટે કામ કરવા માંગીએ છીએ. ગરીબો માટે કામ કરવું મારું સપનું છે. મિથુને કહ્યું કે હું જે બોલું છું તે કરું છું. હું પાણીનો સાપ નથી, કોબરા છું.

## નવા કૃષિ કાયદામાં સુધારા કરવા સરકાર તૈયાર : કૃષિ મંત્રી

ન્યુ દિલ્હી,તા.૭

ખેડૂત આંદોલનને ૧૦૦ દિવસ થઈ ચુક્યા છે અને દિલ્હી બોર્ડર પર ખેડૂતોનુ આંદોલન ચાલુ છે.દિલ્હીની ટ્રેકટર રેલીમાં થયેલી હિંસા બાદ તો સરકાર અને ખેડૂતો વચ્ચેની વાતચીત પણ બંધ થઈ ચુકી છે.

આ સંજોગોમાં હવે કેન્દ્રના કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે કહ્યુ છે કે, સરકાર ખેડૂતોનુ સન્માન કરે છે અને કૃષિ કાયદામાં ફેરફાર કરવા માટે પણ તૈયાર છે.

જોકે તેમણે વિપક્ષો પર આરોપ પણ મુક્યો છે કે ,ખેડૂતોના હિતોને નુકસાન પહોંચાડવા માટે રાજનીતિ કરી રહ્યા છે.તેમણે કહ્યુ હતુ કે, કૃષિ સેકટરમાં રોકાણ વધારવા માટે અને ખેડૂતોને તેમની ખેત પેદાશો કોઈ પણ જગ્યાએ વેચવા માટે નવા કાયદા બનાવાયા છે.જેના થકી ખેડૂતોને તેમની ઉપજની યોગ્ય કિંમત મળશે.હું માનુ છુ કે, લોકશાહીમાં વિરોધ અને અસહમતિને પણ જગ્યા છે પણ વિરોધ દેશને નુકસાન થાય તે કિમતે કરવાનો હોય તો તે બરાબર નથી.

તોમરે કહ્યુ હતુ કે, લોકશાહી છે તો રાજનીતિ માટે પણ બધાને સ્વતંત્રતા છે પણ ખેડૂતોને મારીને



રાજનીતી કરવામાં આવશે, દેશની કૃષિ વ્યવસ્થાને બાજુ પર મુકીને પોતાના ઈરાદા પૂરા કરવામાં આવશે?તેના પર નવી પેઢીએ વિચાર કરવાની જરુર છે. નવા કાયદાથી ખેડૂતો એ પાક લઈ શકશે જેને બજારમાં વધારે કિંમતે વેચી શકાય છે.

## આજથી સંસદના બીજા સત્રનો પ્રારંભ

ન્યુ દિલ્હી,તા.૭

સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો આવતીકાલે એટલે કે સોમવારથી શરૂ થશે. સંસદના બજેટ સત્રના પ્રથમ તબક્કાની શરૂઆત ૨૯ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના સંબોધનથી થઈ હતી. બજેટ સત્રનો પ્રથમ ભાગ ૨૭ ફેબ્રુઆરીએ સમાપ્ત થયો. બજેટ સત્રના પહેલા ભાગમાં કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારામને ૧ ફેબ્રુઆરીએ સંસદમાં કેન્દ્રીય બજેટ રજૂ કર્યું હતું. બજેટ સત્રનો બીજો તબક્કો ૮ માર્ચે શરૂ થશે અને ૮ મી એપ્રિલના રોજ સમાપ્ત થશે.

EaseMyTrip.com

FLIGHTS HOTELS BUS CABS TRAINS HOLIDAYS

GROWING FOR ALL YOUR TRAVEL NEEDS

2nd RANKED TRAVEL AGENCY
Ranked 2nd among the Key Online Travel Agencies in India in terms of booking volume*

FASTEST GROWTH RATE
Grew fastest at 43% in terms of year-on-year growth in gross booking revenues#

ONLY PROFITABLE PLAYER
Only profitable player among Key Online Travel Agencies in India in Fiscals 2018, 2019 and 2020^

Source: "Assessment of the OTA industry in India" dated February 2021 (the "CRISIL Report") prepared and issued by CRISIL Research, a division of CRISIL Limited. 'Key Online Travel Agencies' refers to key players in the OTA industry based on gross booking revenue and operating revenue as defined in the CRISIL Report. Refer to "Industry Overview – Competitive Assessment of OTA in India – Key Observations" on page 126 of the RHP (as defined below) for further information. *In the nine months ended December 31, 2020 as per CRISIL Report. #In Fiscal 2020 among Key Online Travel Agencies in India as per CRISIL Report. ^In terms of net profit margin as per CRISIL Report

Easy Trip Planners Limited is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its equity shares and has filed a Red Herring Prospectus ("RHP") with the Registrar of Companies, National Capital Territory of Delhi and Haryana at New Delhi ("RoC"). The RHP is available on the website of the Securities and Exchange Board of India ("SEBI") at www.sebi.gov.in and the respective websites of the book running lead managers, Axis Capital Limited and JM Financial Limited at www.axiscapital.co.in and www.jmfl.com, respectively. Investors should note that investment in equity shares involves a high degree of risk. For details, potential investors should refer to the RHP which has been filed with the RoC, including the section titled "Risk Factors". Potential investors should not rely on the draft red herring prospectus filed with the SEBI in making any investment decision.

The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended ("Securities Act") or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act and in accordance with any applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in 'offshore transactions' in reliance on Regulation S under the Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sales are made. There will be no public offering in the United States.

International Women's Day નિમિત્તે
સ્ત્રી-દર્દીઓ માટે ફ્રી નિદાન કેમ્પ
(08-03-21 થી 18-03-21 સુધી)

લેડી ડોક્ટર દ્વારા તપાસ

મસા-ભગંદર
ડો.પી.એસ.દેસાઈ (એમ.એસ.આયુ)
ગોલ્ડ મેડાલીસ્ટ
●મસા, ભગંદરની દૂરબીનથી તપાસ ફ્રી
●ઓપરેશન વગર/ઓપરેશન દ્વારા સારવાર
●ટાંકા વગરનું ઓપરેશન
●સર્જરી ચાર્જમાં ૫૦% રાહત
●દુ:ખાવા વગરની સારવાર
●રીંગનો કંટ્રોલ જળવાઈ રહે

આયુર્વેદ-પંચકર્મ વિભાગ
ડો.ટ્વિન્કલ નાણાવટી
પંચકર્મ નિષ્ણાંત
●ચામડીના રોગો, સાંધાના રોગો
●વજન ઘટાડવાની આડઅસર વગરની સારવાર
●માસિકને લગતી સમસ્યાઓનું નિદાન સારવાર
●PCOD જેવા રોગોની ઓપરેશન વગર સારવાર
●વાળના રોગોની સારવાર
●વુમન્સ ડે નિમિત્તે ખાસ વેઈટ લોસ ઓ.પી.ડી.
આયુર્વેદ પંચકર્મ દ્વારા વજન ઘટાડો

ડો.દેસાઈ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ
(ISO-90001-2015 certified)
Dr. Desai's Super Speciality Hospital
બીજો માળ, શિવશક્તિ એવન્યું, પેથાપુર ચોકડી, ગાંધીનગર.
એપોઈન્ટમેન્ટ - 76000 53220
(મેડીક્લેઈમ સુવિધા ઉપલબ્ધ)

Vશાલ
SUPER MARKETની આજ
ગાય છાપ
મરચુ/હળદર/ધાણાજીરૂ
30% OFF (૧ કિલો પર)
સેક્ટર-૬/કુડાસણ